**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**અમદાવાદ ખાતેની ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં**

**સ્પેશિયલ સિવિલ અરજી નં. ૧૫૯૦૬ / ૨૦૧૬**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી હર્ષા દેવાણી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એ.એસ. સુપૈયા**

| | | |
|---|---|---|
| ૧. | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | |
| ૨. | રિપોર્ટરને સોંપવામાં આવે કે નહીં? | |

| | | |
|---|---|---|
| ૩. | શું ન્યાયમૂર્તિશ્રી ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | |
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | |

==========================================================

દીપકકુમાર ધનજીભાઈ પટેલ....અરજદાર(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને ૩....સામવાળા(ઓ)

==========================================================

ઉપસ્થીતી:–

શ્રી એસ. પી. મજમુદાર, વિ. વકીલ સાથે શ્રી નિષિત પી. ગાંધી, વિ. વકીલ અરજદાર વતી

સુશ્રી મનીષા લવકુમાર, સરકારી વકીલ સાથે શ્રી ધવન જાયસ્વાલ, એ.જી.પી. સામવાળા નં. ૧, ૩ – ૪ વતી

સુશ્રી રૂપલ આર. પટેલ, વિ. વકીલ સામવાળા નં. ૨ વતી

==========================================================

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી હર્ષા દેવાણી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એ.એસ. સુપૈયા**

**તારીખ : ૧૫/૧૧/૨૦૧૬**

**મૌખિક ચુકાદો**

**(માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી હર્ષા દેવાણી દ્વારા)**

૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળની આ અરજી દ્વારા, અરજદારે તારીખ ૧૩/૦૭/૨૦૧૬ ના રોજનું જાહેરનામું (અરજીનું એનેક્ચર "એ") પડકાર્યું છે કે જેના દ્વારા તેમણે તારીખ ૦૩/૦૩/૨૦૧૬ ના રોજના અગાઉના જાહેરનામાને રદ કરી ચીખલી તાલુકાની ગ્રામ પંચાયતોના સરપંચના પદોની ફાળવણી કરતું નવું જાહેરનામું બહાર પાડ્યું છે અને ચીખલી તાલુકાની પાંચ ગ્રામ પંચાયતો, એટલે કે ચીખલી, ચીમલા, મલીયાધરા, તલાવચોરા અને વંકલ માટે સરપંચનું કોઈ પણ પદ અનુસૂચિત જાતિ માટે ફાળવવામાં ન આવે તેવી કલેક્ટરને સૂચના આપવાની માગણી કરે છે, અને વધુમાં અરજીના ફકરા-૧૭ માં દર્શાવ્યા મુજબ બેઠકો અનામત રાખતું નવું જાહેરનામું બહાર પાડવા કલેક્ટરને સૂચના આપવાની માગણી કરે છે.

૨. એવું જણાય છે કે ત્યારબાદ, અરજીની પેન્ડન્સી દરમિયાન, ત્રીજા સામવાળા કલેક્ટર દ્વારા તારીખ ૨૭/૧૦/૨૦૧૬ નું બીજું જાહેરનામું (અરજીનું એનેક્ચર

"એચએચ") બહાર પાડવામાં આવ્યું હતું કે જેના દ્વારા વંકલ ગામના સરપંચનું પદ અનુસૂચિત જાતિઓ માટે ફાળવવામાં આવ્યું હતું અને ચીખલી, ચીમલા, મલીયાધરા અને તલાવચોરા ગામોના સરપંચના પદો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ફાળવવામાં આવ્યા હતા. પરિણામે, અરજદારે સુધારો રજૂ કર્યો હતો અને તારીખ ૨૭/૧૦/૨૦૧૬ ના રોજના જાહેરનામાને (અરજીનું એનેક્ચર "એચએચ") પડકારતા અને ચીખલી તાલુકાની પાંચ ગ્રામ પંચાયતો, એટલે કે ચીખલી, ચીમલા, મલીયાધરા, તલાવચોરા અને વંકલના સરપંચના પદની ચૂંટણી માટે અનુસૂચિત જાતિઓ માટે બેઠક અનામત ન રાખવા તેમજ અરજીના ફકરા-૧૭ માં દર્શાવ્યા મુજબ બેઠકો અનામત રાખતું નવું જાહેરનામું બહાર પાડવા માટે સામવાળા કલેક્ટરને સૂચના આપવાની વધુ રાહત માટે પ્રાર્થના કરી હતી.

૩. ટૂંકમાં જણાવેલી હકીકતો એ છે કે અરજદાર વંકલ ગામના હાલના સરપંચ છે, જેઓની મુદ્દત જાન્યુઆરી, ૨૦૧૭ માં પૂરી થાય છે. વર્તમાન અરજી નવસારી જિલ્લાના ચીખલી તાલુકાની પાંચ ગ્રામ પંચાયતો, એટલે કે ચીખલી, ચીમલા, મલીયાધરા, તલાવચોરા અને વંકલ સંબંધિત છે, જ્યાં બિન-આદિવાસીઓની વસ્તી ગ્રામ પંચાયતની કુલ વસ્તીના ૭૫% થી વધુ છે.

૪. તારીખ ૦૮/૦૫/૧૯૭૮ ના રોજના જાહેરનામા દ્વારા ચીખલી તાલુકાને અનુસૂચિત વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરવામાં આવ્યો હતો. સદર તાલુકામાં કુલ

૬૭ ગ્રામ પંચાયતો આવેલી છે. કુલ ૬૭ ગ્રામ પંચાયતોમાંથી, ૬૨ ગ્રામ પંચાયતોમાં આદિવાસીઓની વસ્તી ૨૫% થી વધુ છે અને તેથી, ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ, ૧૯૯૮ ની કલમ ૫૧(૨)(એ) ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, ૬૨ ગ્રામ પંચાયતો માટે સરપંચના તમામ પદો અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવ્યા છે. સુધારા અધિનિયમ, ૧૯૯૮ ની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) નો ખંડ (એ) એવી જોગવાઈ કરે છે કે રાજ્યની ગ્રામ પંચાયતોના સરપંચના તમામ પદો રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિઓ માટે અનામત રાખવામાં આવશે. ત્યારબાદ, ઉપરોક્ત કલમમાં એક પરંતુક ઉમેરવામાં આવ્યું હતું, જેમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ, ૧૯૯૮ દ્વારા સુધારાયા મુજબના ખંડ (એ) ની જોગવાઈઓ એવી ગ્રામ પંચાયતને લાગુ પડશે નહીં જ્યાં બિન–આદિવાસીઓની વસ્તી ગ્રામ પંચાયતની કુલ વસ્તીના ૭૫ (પંચોતેર) ટકા કે તેથી વધુ હોય. અરજદારનો એવો કેસ છે કે જ્યાં સુધી ચીખલી તાલુકાના પાંચ ગામો, એટલે કે ચીખલી, ચીમલા, મલીયાધરા, તલાવચોરા અને વંકલનો સંબંધ છે, વર્ષ ૨૦૧૧ ની છેલ્લી વસ્તી ગણતરી મુજબ બિન–આદિવાસીઓની વસ્તી ૭૫% થી વધુ છે અને તેથી, સુધારા અધિનિયમ, ૧૯૯૮ ની કલમ ૫૧(૨)(એ) ની જોગવાઈઓ આ પાંચ ગ્રામ પંચાયતોને લાગુ પડશે નહીં અને સુધારા અધિનિયમ, ૧૯૯૮ ની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) ના પરંતુકને ધ્યાનમાં રાખીને, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ

૫૧(૨)(એ) ની જોગવાઈઓ લાગુ પડશે. અરજદારનો વધુમાં એવો કેસ છે કે ત્રીજા સામવાળા – જિલ્લા કલેક્ટરે સુધારા અધિનિયમ, ૧૯૯૮ ની કલમ ૫૧(૨)(એ) ના પરંતુકને ધ્યાનમાં લીધા વિના તારીખ ૦૩/૦૩/૨૦૧૬ નું જાહેરનામું બહાર પાડ્યું છે કારણ કે, ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) ની જોગવાઈઓ અનુસાર, ચીખલી તાલુકાની કુલ વસ્તીના પ્રમાણમાં અનુસૂચિત જાતિની વસ્તી ૦.૫% થી ઓછી હોવાને ધ્યાનમાં રાખીને, અનુસૂચિત જાતિ માટે સરપંચનું કોઈ પણ પદ અનામત રાખી શકાય નહીં અને ઉપર દર્શાવેલ ગ્રામ પંચાયતોના સરપંચના પાંચ પદોમાંથી તલાવચોરા ગ્રામ પંચાયતનું પદ અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવું જરૂરી છે. અરજદારના જણાવ્યા અનુસાર, ચીખલી તાલુકાની ઉપર દર્શાવેલ પાંચ ગ્રામ પંચાયતોના સરપંચના પદો નીચે મુજબ ફાળવવા જરૂરી છે:

> *"[એ] અનુસૂચિત જાતિના ઉમેદવાર માટે કોઈ અનામત બેઠક નહીં.*
>
> *[બી] અનુસૂચિત જનજાતિના ઉમેદવાર માટે ૬૨ અનામત બેઠકો સામવાળા – કલેક્ટર દ્વારા આક્ષેપિત જાહેરનામામાં યોગ્ય રીતે કરવામાં આવી છે.*
>
> *[સી] તલાવચોરા ગામમાં અનુસૂચિત જનજાતિના ઉમેદવાર માટે ૧ બેઠક અનામત અને તે મહિલા ઉમેદવાર માટે અનામત રાખવી જરૂરી છે.*

*[ડી] ચીમલા ગામ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર માટે ૧ અનામત બેઠક અને તે મહિલા ઉમેદવાર માટે અનામત રાખવી જરૂરી છે.*

*[ઇ] સામાન્ય ઉમેદવાર માટે ૩ બિનઅનામત બેઠકો."*

૫. ત્રીજા સામવાળા – જિલ્લા કલેક્ટર, નવસારી દ્વારા બહાર પાડવામાં આવેલું જાહેરનામું ઉપરોક્ત પાંચ ગ્રામ પંચાયતો માટે સરપંચના પદોની ફાળવણી માટે અરજદાર દ્વારા કરવામાં આવેલી ગણતરી સાથે સુસંગત ન હોવાથી, અરજદારે ઉપર નોંધેલ રાહતો મેળવવા માટે આ કોર્ટનો સંપર્ક કર્યો છે.

૬. અરજદારના વિ. વકીલ શ્રી એસ. પી. મજમુદારે સબમિટ કર્યું કે ચીખલી તાલુકામાં કુલ ૬૭ ગ્રામ પંચાયતો આવેલી છે, જેમાંથી ૬૨ ગ્રામ પંચાયતોમાં બિન–આદિવાસીઓની વસ્તી ૭૫% થી ઓછી છે અને તેથી, તે ૬૨ ગામોમાં સરપંચના પદો અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવ્યા છે. પરિણામે, સદર ૬૨ ગામો સુધારા અધિનિયમ, ૧૯૯૮ ની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) ની જોગવાઈઓ દ્વારા શાસિત થશે. જોકે, બાકીના પાંચ ગામો કે જેમાં બિન–આદિવાસીઓની વસ્તી ૭૫% થી વધુ છે, તે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) ની જોગવાઈઓ દ્વારા શાસિત થશે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે તેથી, ઉપરોક્ત પાંચ ગામોમાં સરપંચના પદોની ફાળવણી બિનસુધારેલા અધિનિયમ મુજબ અને

રોટેશન દ્વારા કરવાની રહે છે. ગુજરાત ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણી (રોટેશન દ્વારા સરપંચના અનામત પદોની ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ ના નિયમ ૪ અને ખાસ કરીને તેના ઉપ–નિયમ (૨) તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, જે જોગવાઈ કરે છે કે ગ્રામ પંચાયતોના સરપંચના પદો રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત રાખવામાં આવશે અને તાલુકાની ગ્રામ પંચાયતોમાં આ રીતે અનામત રખાતા સરપંચના પદોની સંખ્યા, તાલુકામાં અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જનજાતિઓની વસ્તી તાલુકાની કુલ વસ્તી સાથે જે પ્રમાણ ધરાવે છે તેટલા જ શક્ય તેટલા નજીકના પ્રમાણમાં તાલુકાની ગ્રામ પંચાયતોના સરપંચના પદોની કુલ સંખ્યા સાથે રહેશે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે નિયમોના નિયમ ૪ ના ઉપ–નિયમ (૨) ને માત્ર તે જ બેઠકોનો સમાવેશ કરવા માટે વાંચવો જોઈએ કે જે રોટેશન માટે ઉપલબ્ધ છે અને તેથી, સુધારા અધિનિયમ, ૧૯૯૮ ની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) ની જોગવાઈઓના અમલ દ્વારા અનુસૂચિત જનજાતિ માટે અનામત રખાયેલા સરપંચના પદોને ધ્યાનમાં લઈ શકાય નહીં. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે જો વિવિધ કેટેગરીઓ માટે અનામત રાખવાના સરપંચના પદોની ગણતરી સામવાળાઓએ કરી છે તે રીતે કરવામાં આવે, તો તે જોગવાઈઓને બિનકાર્યક્ષમ બનાવી દેશે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ગુજરાત ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણી (રોટેશન દ્વારા સરપંચના અનામત પદોની ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારેલી

જોગવાઈઓને લાગુ પડતા નથી, એટલે કે અનુસૂચિત વિસ્તારોને લાગુ પડતી કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) ની જોગવાઈઓને લાગુ પડતા નથી અને તે મુજબ, ખાસ જોગવાઈઓ દ્વારા શાસિત ગ્રામ પંચાયતોને જ લાગુ પડતા નથી. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે અનુસૂચિત જનજાતિ માટે અનામત રખાયેલી ૬૨ બેઠકો અનુસૂચિત વિસ્તારોને લાગુ પડતી પંચાયતોની સુધારેલી જોગવાઈઓ દ્વારા શાસિત થાય છે અને ૧૯૯૩ ના અધિનિયમની જોગવાઈઓ તેને લાગુ કરી શકાય નહીં.

૬.૧ અરજીના આવેદનપત્રના ફકરા–૧ ની વિગતો તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, જેમાં ફકરા ૧૭ માં દર્શાવેલ સરપંચના પદોની ગોઠવણ પાછળના કારણો દર્શાવવામાં આવ્યા છે, અને સબમિટ કરવામાં આવ્યું હતું કે અનુસૂચિત જાતિઓ માટે સરપંચનું કોઈ પદ અનામત રાખવું જરૂરી નથી કારણ કે ચીખલી તાલુકાની ઉપરોક્ત પાંચ ગ્રામ પંચાયતોની વસ્તી ૨૧,૮૮૫ છે. કુલ વસ્તીમાંથી માત્ર ૪૫૪ વ્યક્તિઓ અનુસૂચિત જાતિના છે. આમ, ચીખલી તાલુકાની ઉપરોક્ત પાંચ ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત જાતિની વસ્તી માત્ર ૨.૦૭% છે. હવે જો અનુસૂચિત જાતિની આ ૨.૦૭% વસ્તીને ચીખલી તાલુકાની પાંચ ગ્રામ પંચાયતની બેઠકો સાથે સરખાવવામાં આવે, તો ટકાવારી ૦.૦૯૯% થશે અને તેથી તે ૦.૫% થી ઓછી થશે અને તેથી, ચીખલી તાલુકાની ઉપરોક્ત પાંચ ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત જાતિ માટે સરપંચનું કોઈ પદ અનામત રાખી શકાય નહીં. તલાવચોરા ગામમાં અનુસૂચિત જનજાતિ (મહિલા) માટે સરપંચનું એક

પદ અનામત રાખવું શા માટે જરૂરી છે તે અંગે વધુમાં સબમિટ કરવામાં આવ્યું હતું કે ઉપરોક્ત પાંચ ગામોની કુલ ૨૧,૮૮૫ ની વસ્તીમાંથી ૩૮૭૫ વ્યક્તિઓ અનુસૂચિત જનજાતિના છે. આમ, ઉપરોક્ત પાંચ ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત જનજાતિની ટકાવારી ૧૭.૭૦% છે. જો ૧૭.૭૦% ની અનુસૂચિત જનજાતિની વસ્તીને ચીખલી તાલુકાની પાંચ ગ્રામ પંચાયતો સાથે સરખાવવામાં આવે, તો ટકાવારી ૦.૮૮૫% થશે અને તેથી તે ૦.૫% થી વધુ હોવાથી, ઉપરોક્ત પાંચ ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત જનજાતિ માટે સરપંચનું એક પદ અનામત રાખવું જરૂરી છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ઉપરોક્ત પાંચ ગામોમાંથી અનુસૂચિત જનજાતિની સૌથી વધુ વસ્તી તલાવચોરા ગ્રામ પંચાયતમાં હોવાથી, સદર ગામ માટે સરપંચનું પદ અનુસૂચિત જનજાતિ (મહિલા) માટે અનામત રાખવું જરૂરી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સરપંચનું એક પદ શા માટે અનામત રાખવું જરૂરી છે તે અંગે એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧(૨)(એ) ની જોગવાઈઓ અનુસાર, કુલ બેઠકોના ૧૦% પદો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવા જરૂરી છે. વર્તમાન કેસમાં, કુલ પાંચ બેઠકોના ૧૦% એટલે ૦.૫% થાય છે. આમ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સરપંચનું એક પદ અનામત રાખવું જરૂરી છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સૌથી વધુ વસ્તી ચીમલા ગામમાં છે અને તેથી, નાયબ સચિવશ્રીના તારીખ ૦૩/૦૮/૨૦૧૬ ના પત્ર મુજબ તેને મહિલાઓની

કેટેગરીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવું જરૂરી છે. તે મુજબ, એવી વિનંતી કરવામાં આવી હતી કે ત્રીજા સામવાળા કલેક્ટર દ્વારા અનામત બેઠકોની ફાળવણી માટે કરવામાં આવેલી ગણતરી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે હેઠળ ઘડાયેલા નિયમો તેમજ સુધારા અધિનિયમ, ૧૯૯૮ ની જોગવાઈઓથી વિપરીત હોવાથી રદ કરવા યોગ્ય છે અને અરજદારે માંગ્યા મુજબ નવું જાહેરનામું બહાર પાડવા માટે સામવાળા કલેક્ટરને સૂચના આપવી જરૂરી છે.

૭. અરજીનો સખત વિરોધ કરતા, સરકારી વકીલ સુશ્રી મનીષા લવકુમારે સબમિટ કર્યું કે ત્રીજા સામવાળા – કલેક્ટર દ્વારા પસાર કરવામાં આવેલો તારીખ ૧૩/૦૭/૨૦૧૬ નો હુકમ વૈધાનિક નિયમો અનુસાર અને તેની સાથે સુસંગત છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ચીખલી તાલુકાને એક એકમ તરીકે ગણવો પડશે અને તાલુકાની વસ્તીના આધારે વિવિધ વર્ગો માટે અનામત રાખવા જરૂરી સરપંચના પદોની સંખ્યા નક્કી કરવાની રહેશે અને રોટેશન દ્વારા ફાળવવાની રહેશે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ચીખલી તાલુકો નવસારી જિલ્લામાં આવેલો છે અને તેમાં ૬૭ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ છે અને નિયમોના નિયમ ૪, ૫, ૬ અને ૭ હેઠળ નિર્દિષ્ટ પ્રોસિજર અનુસર્યા પછી, વંકલ ગામના સરપંચનું પદ અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામાં આવ્યું છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે નિયમોનો નિયમ ૪ સરપંચના પદોના અનામતની રીત નિર્દિષ્ટ કરે છે અને આવું અનામત પ્રાથમિકતાના નીચે મુજબના ક્રમમાં

ગોઠવવાનું રહે છે, એટલે કે (એ) અનુસૂચિત જાતિઓ, (બી) અનુસૂચિત જનજાતિઓ, અને (સી) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો જ્યાં ન્યૂનતમ વસ્તી ૫% હોય. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત સરપંચના પદોનું પ્રમાણ, તાલુકામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની વસ્તી તાલુકાની કુલ વસ્તી સાથે જે પ્રમાણ ધરાવે છે તેટલા જ શક્ય તેટલા નજીકના પ્રમાણમાં તાલુકાની ગ્રામ પંચાયતોના સરપંચના પદોની કુલ સંખ્યા સાથે રાખવાનો આદેશ છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે નિયમોના નિયમ ૫, ૬ અને ૭ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સરપંચના અનામત પદોની ફાળવણીની પ્રોસિજર નિર્દિષ્ટ કરે છે. સદર નિયમોના નિર્દેશ મુજબ, તાલુકાને એક એકમ તરીકે ગણવાનો રહે છે. તાલુકામાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની કુલ સંખ્યા નક્કી કરવાની રહે છે. આ નિર્ધારણના આધારે, તેમના તાલુકામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની સૌથી વધુથી ઓછી વસ્તીના ક્રમમાં ગ્રામ પંચાયતોની યાદી તૈયાર કરવાની રહે છે. આમાંની દરેક ગ્રામ પંચાયતને ખાસ નંબર ફાળવવામાં આવશે. આમ, નિયમો અનુસાર વિવિધ યાદીઓ તૈયાર કરવાની રહે છે. પ્રથમ યાદી સામાન્ય સળંગ નંબર ધરાવતી તાલુકાની તમામ ગ્રામ પંચાયતોની યાદી છે, બીજી યાદી ખાસ નંબર ફાળવવામાં આવ્યા હોય તેવી અનુસૂચિત જાતિઓની

વસ્તીની સૌથી વધુ ટકાવારીથી શરૂ કરીને ઉતરતા ક્રમમાં ગોઠવાયેલી તમામ ગ્રામ પંચાયતોની યાદી છે, અને ત્રીજી યાદી અનુસૂચિત જનજાતિની વસ્તીની સૌથી વધુ ટકાવારી ધરાવતી ગ્રામ પંચાયતથી શરૂ કરીને શ્રેણીબદ્ધ રીતે ગોઠવાયેલા ખાસ નંબર ફાળવવામાં આવેલી ગ્રામ પંચાયતોની યાદી છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે જ્યાં સુધી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનો સંબંધ છે, વૈધાનિક નિયમો નિર્દિષ્ટ કરે છે કે તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વસ્તી ૫% થી વધુ હોય તો સરપંચની અનામત બેઠકોની ફાળવણીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ૧૦% અનામત રહેશે. આ યાદી કે જે ચોથી યાદી છે તે કક્કાવારી ક્રમમાં તૈયાર કરવાની રહે છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે જ્યાં સુધી મહિલાઓનો સંબંધ છે, તારીખ ૧૩/૧૧/૨૦૧૪ થી ૫૦% આડું અનામત રહેશે અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ગ્રામ પંચાયતોના આ ખાસ ફાળવવામાં આવેલા સળંગ નંબરો પર સમગ્ર યાદી પૂર્ણ થાય ત્યાં સુધી દરેક ચૂંટણી પછી રોટેશનમાં ચાલુ રહેશે. પંચાયત અધિનિયમ હેઠળ સરપંચના અનામત પદોની ફાળવણી સંબંધિત રોટેશનની પ્રક્રિયા આ રીતે કામ કરે છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે વર્તમાન કેસમાં, અનામત કેટેગરીઓ માટે સરપંચના પદો અનામત રાખવાના નિયમો અરજીના આવેદનપત્રના ફકરા ૮ માં દર્શાવેલ રીતે સંચાલિત થાય છે જે નીચે મુજબ છે:

“બેઠકોની ફાળવણી:

ચીખલી તાલુકા માટે:

ગ્રામ પંચાયતોની સંખ્યા – ૬૭

કુલ વસ્તી – ૨,૪૫,૭૭૨

૧. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ એસસીની કુલ વસ્તી = ૪૮૮૬.

એસસીની કુલ વસ્તી = ૪૮૮૬ = ૧.૯૯%

તાલુકાની કુલ વસ્તી – ૨,૪૫,૭૭૨

૧.૯૯ x ૬૭ =        ૧૯૯ x ૬૭ =        ૧.૩૩

૧૦૦        ૧૦,૦૦૦

તેથી, પૂર્ણાંકમાં ૧ બેઠક.

[૨] એસટીની કુલ વસ્તી : ૧,૬૫,૧૧૧

એસટીની કુલ વસ્તી: ૧,૬૫,૧૧૧ = ૬૭.૧૮%

(અનુસૂચિત જનજાતિની વસ્તીને ધ્યાનમાં રાખીને સદર તાલુકાની ઓળખ અનુસૂચિત તાલુકા તરીકે થયેલી છે.)

તાલુકાની કુલ વસ્તી : ૨,૪૫,૭૭૨

૬૭.૧૮ x ૬૭ > ૬૭૧૮ x ૬૭ = ૪૫.૦૧

૧૦૦        ૧૦૦૦૦

તેથી, પૂર્ણાંકમાં ૪૫ બેઠકો.

[૩] એસઈબીસી માટે : કુલ બેઠકોના ૧૦% બેઠકો.

૬૭ = ૬.૭

તેથી, પૂર્ણાંકમાં ૭ બેઠકો."

૭.૧ એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ચીખલી તાલુકો અનુસૂચિત વિસ્તાર છે; ૬૭ માંથી ૬૨ સરપંચના પદો અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવ્યા છે અને માત્ર પાંચ ગામો કે જ્યાં અનુસૂચિત જનજાતિની વસ્તી ૨૫% થી ઓછી છે, ત્યાં નિયમોના નિયમ ૪, ૫, ૬ અને ૭ હેઠળ નિર્દિષ્ટ કરાયેલા વૈધાનિક નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું અને તેથી, ચીખલી તાલુકામાં ૨૦૧૬ માટે સરપંચના પદોની ફાળવણી નીચે મુજબ કરવામાં આવી હતી:

| | |
|---|---|
| અનુસૂચિત જાતિઓ | ૧ |
| અનુસૂચિત જનજાતિઓ | ૬૨ |
| એસ.ઈ.બી.સી. | ૧ |
| સામાન્ય | ૩ |
| કુલ | ૬૭ |

૭.૨ એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ત્યારબાદ, તારીખ ૧૩/૦૭/૨૦૧૬ ના અગાઉના જાહેરનામામાં ભૂલો હોવાથી તારીખ ૨૭/૧૦/૨૦૧૬ નું નવું

સુધારેલું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ચીખલી તાલુકો અનુસૂચિત વિસ્તાર છે અને માત્ર પાંચ ગામોમાં જ અનુસૂચિત જનજાતિની વસ્તી ૨૫% થી ઓછી હતી અને અગાઉ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સરપંચનું માત્ર એક જ પદ ફાળવવામાં આવ્યું હતું. જોકે, અધિકારીઓને સમજાયું કે નિયમોનું સાચા અર્થમાં પાલન થઈ રહ્યું ન હતું, અને તેથી, તારીખ ૨૭/૧૦/૨૦૧૬ નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું, જેમાં પ્રશ્ન હેઠળની ગ્રામ પંચાયતોના સરપંચના પાંચ પદોમાંથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે સરપંચના ચાર પદો અનામત રાખવામાં આવ્યા. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે પ્રાથમિકતામાં સરપંચનું પદ અનુસૂચિત જાતિને ફાળવવામાં આવ્યા પછી, પરિસ્થિતિની વિશિષ્ટતા અને અનુસૂચિત વિસ્તારને ધ્યાનમાં રાખીને, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવા માટે જરૂરી સરપંચના પદોની તુલનામાં ગ્રામ પંચાયતોની સંખ્યા ઓછી હોવાથી, સરપંચના બાકીના પદો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને ફાળવવામાં આવ્યા, જેમાં સામાન્ય કેટેગરી માટે કોઈ બેઠક બાકી રહી નહીં. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે તેથી, ચીખલી તાલુકામાં ૨૦૧૬ માટે સરપંચના પદોની નવી ફાળવણી તારીખ ૨૭/૧૦/૨૦૧૬ ના જાહેરનામા મુજબ નીચે પ્રમાણે કરવામાં આવી હતી:

| | |
|---|---|
| અનુસૂચિત જાતિઓ | ૧ |
| અનુસૂચિત જનજાતિઓ | ૬૨ |

| | |
|---|---|
| એસ.ઇ.બી.સી. | ૪ |
| સામાન્ય | – |
| કુલ | ૬૭ |

૭.૩ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩(એફ) ની જોગવાઈઓ તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, જે "વસ્તી" ને છેલ્લી અગાઉની વસ્તી ગણતરીમાં નક્કી કરવામાં આવેલી વસ્તી તરીકે વ્યાખ્યાયિત કરે છે જેના સંબંધિત આંકડા પ્રકાશિત કરવામાં આવ્યા હોય. ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૨ ની ઉપ–કલમ (૩૩) નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જે એવી જોગવાઈ કરે છે કે "ગ્રામ સભા", "પંચાયત વિસ્તાર", "વસ્તી" અને "ગામ" શબ્દોના અર્થ અનુક્રમે બંધારણના ભાગ ૯ માં તેમને આપવામાં આવેલા અર્થો જ રહેશે. ચીખલી તાલુકાની બાકીની પાંચ ગ્રામ પંચાયતોમાં અનામત દ્વારા સરપંચના પદોની ફાળવણી કાયદા અનુસાર કરવામાં આવી છે અને અરજી ગુણદોષ વિનાની હોવાથી રદ કરવા પાત્ર છે તેવું સબમિટ કરવા માટે નિયમોના નિયમ ૩ થી ૧૦ ની જોગવાઈઓનો સંદર્ભ આપવામાં આવ્યો હતો.

૮. પ્રત્યુત્તરમાં, અરજદારના વિ. વકીલ શ્રી એસ. પી. મજમુદારે સબમિટ કર્યું કે ચીખલી તાલુકાને પંચાયત (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તાર) અધિનિયમ, ૧૯૯૬ (આ પછીથી "પેસા અધિનિયમ" તરીકે સંદર્ભિત) ની જોગવાઈઓ હેઠળ અધિસૂચિત કરવામાં આવ્યો હોવાથી, સામવાળાઓ દ્વારા આપવામાં આવેલી

ગણતરી તદ્દન ગેરસમજણભરી છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ચીખલી તાલુકાની ૬૨ ગ્રામ પંચાયતોનો સંબંધ છે ત્યાં સુધી, જ્યાં આદિવાસી વસ્તી ૨૫% થી ઓછી નથી, ત્યાં સરપંચના તમામ પદો યોગ્ય રીતે અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવ્યા છે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે તેથી તે ૬૨ ગ્રામ પંચાયતોને સામવાળાઓ દ્વારા અનામત માટે ગણી શકાય નહીં કારણ કે સુધારા અધિનિયમ, ૧૯૯૮ ની કલમ ૫૧(૨)(એ) તેને લાગુ પડે છે. જોકે, જ્યાં સુધી બાકીની પાંચ ગ્રામ પંચાયતોનો સંબંધ છે, તારીખ ૨૩/૧૧/૨૦૦૧ ના જાહેરનામાને ધ્યાનમાં રાખીને ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧(૨)(એ) ની જોગવાઈઓ લાગુ પડશે. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે તેથી, ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧(૨)(એ) ની જોગવાઈઓ અનુસાર કરવામાં આવતી ગણતરી માત્ર પાંચ ગ્રામ પંચાયતો માટે જ કરી શકાય અને તેથી, આ પાંચ ગ્રામ પંચાયતોને જ એક એકમ તરીકે ગણી શકાય, ૬૭ ગ્રામ પંચાયતોને નહીં. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે ચીખલી તાલુકાની ૬૨ ગ્રામ પંચાયતો કે જ્યાં આદિવાસી વસ્તી ૨૫% થી ઓછી નથી, તે અનુસૂચિત જનજાતિ સિવાયના વર્ગો માટે અનામત માટે ઉપલબ્ધ નથી, અને તેથી, રોટેશન દ્વારા ફાળવણી માટે સરપંચના પદોની ગણતરી, જેમ કે સામવાળાઓ દ્વારા કરવામાં આવી છે, તે કાનૂની જોગવાઈઓ સાથે સુસંગત નથી અને તેથી આક્ષેપિત જાહેરનામાઓને રદ કરવા જરૂરી છે.

૯. બીજા સામવાળાના વિ. વકીલ સુશ્રી રૂપલ પટેલે સરકારી વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલા સબમિશનો સ્વીકાર્યા હતા.

૧૦. આ કોર્ટે સંબંધિત પક્ષકારોના વિ. વકીલશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા સબમિશનો પર વિચાર કર્યો છે અને કોર્ટ સમક્ષ ઉપલબ્ધ કેસના રેકોર્ડનું અવલોકન કર્યું છે.

૧૧. સંબંધિત પક્ષકારોના વિ. વકીલશ્રીઓ દ્વારા રજૂ કરાયેલા પરસ્પર વિરોધી સબમિશનો પરથી, એ સ્પષ્ટ થાય છે કે વર્તમાન કેસમાં સમાવિષ્ટ વિવાદ ઉપર ઉલ્લેખિત પાંચ ગ્રામ પંચાયતોમાં, જ્યાં બિન-આદિવાસીઓની વસ્તી ૨૫% થી વધુ છે, સરપંચના પદો કઈ રીતે ફાળવવા જરૂરી છે તે અંગેનો છે. સામવાળા સત્તામંડળોનો એવો કેસ છે કે સમગ્ર તાલુકાની વસ્તીને ધ્યાનમાં રાખીને ગણતરી કરવાની રહે છે અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની વસ્તીના પ્રમાણને ધ્યાનમાં લેતી વખતે અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવા માટે જરૂરી ૧૦% બેઠકોની ગણતરી કરતી વખતે, ચીખલી તાલુકાની તમામ ૬૭ સરપંચના પદોને ધ્યાનમાં લેવા જરૂરી છે. જ્યારે અરજદારનો એવો કેસ છે કે ગ્રામ પંચાયતોમાં સરપંચના પદોની ફાળવણીના હેતુ માટે અનામતનું પ્રમાણ ગણતી વખતે, સંબંધિત ગામની વસ્તીને ધ્યાનમાં લેવી જરૂરી છે અને માત્ર પ્રશ્ન હેઠળની પાંચ ગ્રામ પંચાયતોને ધ્યાનમાં લઈને અનામતનું પ્રમાણ ગણવું જરૂરી છે અને સુધારા અધિનિયમ,

૧૯૯૮ ની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) ના અમલના ગુણદોષથી અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવેલા સરપંચના ૬૨ પદોને ધ્યાનમાં લેવાની જરૂર નથી.

૧૨. મુદ્દા પરના વિવાદને સમજવાના હેતુ માટે, અનુસૂચિત જનજાતિની ૨૫% થી ઓછી વસ્તી ન હોય તેવા ગામોમાં અનુસૂચિત જનજાતિ માટે ૧૦૦% અનામત દાખલ કરવા પાછળના હેતુનો સંદર્ભ લેવો જરૂરી રહેશે.

૧૩. ભારતના બંધારણની પાંચમી અનુસૂચિના પેરા ૬(૧) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ભારતના રાષ્ટ્રપતિએ અનુસૂચિત વિસ્તારો (બિહાર, ગુજરાત, મધ્યપ્રદેશ અને ઓરિસ્સા રાજ્યો) હુકમ, ૧૯૭૭ તરીકે ઓળખાતો હુકમ કર્યો હતો. સદર હુકમ દ્વારા વલસાડ જિલ્લાના વાંસદા, ધરમપુર, ચીખલી, પારડી અને ઉમરગામ તાલુકાઓને અનુસૂચિત વિસ્તારો તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

૧૪. બંધારણ (૭૩ મો સુધારો) અધિનિયમ, ૧૯૯૨ દ્વારા, ભારતના બંધારણમાં ભાગ ૯ ઉમેરવામાં આવ્યો હતો. બંધારણના ભાગ ૯ ના અનુચ્છેદ ૨૪૩–બી માં મંડેટ આપવામાં આવ્યો હતો કે તે ભાગની જોગવાઈઓ અનુસાર ગ્રામ, મધ્યવર્તી અને જિલ્લા કક્ષાએ પંચાયતો રહેશે. અનુચ્છેદ ૨૪૩–સી એવી જોગવાઈ કરે છે કે રાજ્યનું ધારાસભૂ પંચાયતોની રચના સંબંધિત કાયદા દ્વારા

જોગવાઈઓ કરી શકે છે. અનુચ્છેદ ૨૪૩–ડી હેઠળ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, મહિલાઓ અને અન્ય પછાત વર્ગો માટે બેઠકોનું અનામત સક્ષમ કરતી વિંગતવાર જોગવાઈઓ કરવામા આવી હતી. અનુચ્છેદ ૨૪૩–એમ માં એવું જણાવાયું હતું કે:

> *"૨૪૩–એમ. ચોક્કસ વિસ્તારોને ભાગ લાગુ ન પડવો. —(૧) આ ભાગની કોઈ પણ બાબત અનુચ્છેદ ૨૪૪ ના ખંડ (૧) માં સંદર્ભિત અનુસૂચિત વિસ્તારોને અને ખંડ (૨) માં સંદર્ભિત આદિવાસી વિસ્તારોને લાગુ પડશે નહીં."*

૧૫. બંધારણના અનુચ્છેદ ૨૪૩–એમ(૪)(બી) હેઠળ વિચાર્યા મુજબ અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતી રાજ પ્રણાલીનો વિસ્તાર કરવો જોઈએ કે કેમ તે અંગે ભલામણો કરવા માટે વિગતવાર અભ્યાસ હાથ ધરવા માટે શ્રી દિલીપ સિંહ ભૂરિયાના અધ્યક્ષપદે સંસદસભ્યો અને નિષ્ણાતોની સમિતિની ભલામણોના આધારે, સંસદ દ્વારા ૧૯૯૬ માં પંચાયત (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તાર) અધિનિયમ, ૧૯૯૬ (આ પછીથી પેસા અધિનિયમ તરીકે સંદર્ભિત) પસાર કરવામાં આવ્યો હતો.

૧૬. પેસા અધિનિયમના હેતુઓ અને કારણોનું કથન નીચે મુજબ છે:

"અનુસૂચિત વિસ્તારોના અગ્રણી નેતાઓ તરફથી આ વિસ્તારોમાં બંધારણના ભાગ ૯ ની જોગવાઈઓ વિસ્તૃત કરવાની સતત માંગણીઓ રહી છે જેથી ત્યાં પંચાયતી રાજ સંસ્થાઓની સ્થાપના કરી શકાય. તે અનુસાર, બંધારણના ભાગ ૯ ની જોગવાઈઓ અમુક ફેરફારો સાથે અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તૃત કરવા માટે એક વિધેયક રજૂ કરવાનું પ્રસ્તાવિત છે, જેમાં અન્ય બાબતો સાથે એવી જોગવાઈ છે કે જે રાજ્ય કાયદા ઘડવામાં આવી શકે તે રૂઢિગત કાયદા, સામાજિક અને ધાર્મિક પ્રથાઓ અને સમુદાયના સંસાધનોની પરંપરાગત વ્યવસ્થાપન પ્રથાઓ સાથે સુસંગત રહેશે;.... તમામ સ્તરે પંચાયતોમાં અધ્યક્ષોના પદો અનુસૂચિત જનજાતિઓ માટે અનામત રાખવામાં આવશે; દરેક પંચાયતમાં અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકોનું અનામત કુલ બેઠકોની સંખ્યાના એક-તૃતીયાંશ કરતાં ઓછું રહેશે નહીં."

૧૭. વર્તમાન કેસમાં વિચારણાને પાત્ર પેસા અધિનિયમની જોગવાઈ કલમ ૪ છે, જે વર્તમાન હેતુ માટે સુસંગત છે તે મુજબ નીચે પ્રમાણે વંચાય છે:

"૪. બંધારણના ભાગ ૯ ના અપવાદો અને ફેરફારો. - બંધારણના ભાગ ૯ હેઠળ કંઈપણ સમાવિષ્ટ હોય તેમ છતાં, રાજ્યનું ધારાસભ

તે ભાગ હેઠળ નીચેનામાંથી કોઈ પણ લક્ષણ સાથે અસંગત હોય તેવો કોઈ કાયદો બનાવશે નહીં, એટલે કે:

(એ).. થી (એફ)

(જી) અનુસૂચિત વિસ્તારોમાં દરેક પંચાયતમાં બેઠકોનું અનામત તે પંચાયતમાંના સમુદાયોની વસ્તીના પ્રમાણમાં રહેશે કે જેમના માટે બંધારણના ભાગ ૯ હેઠળ અનામત આપવાની માંગ કરવામાં આવી છે:

પરંતુ શરત એ છે કે અનુસૂચિત જનજાતિ માટેનું અનામત કુલ બેઠકોની સંખ્યાના અડધાથી ઓછું રહેશે નહીં:

વધુમાં પરંતુ શરત એ છે કે તમામ સ્તરે પંચાયતોના અધ્યક્ષોની તમામ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવશે;

(એચ) ...થી (ઓ)."

૧૮. પેસા અધિનિયમની જોગવાઈઓને અમલમાં મૂકવા માટે, ગુજરાતના રાજ્ય ધારાસભાએ ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ, ૧૯૯૮ પસાર કરીને ફેરફારો દાખલ કર્યા છે જે શરતોને આધીન રહીને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ રાજ્યના અનુસૂચિત વિસ્તારોને લાગુ પડશે. સુધારા અધિનિયમની સુસંગત જોગવાઈઓ નીચે મુજબ વંચાય છે:

*"[૧] કલમ ૨ મા, ખંડ (૧૯) પછી, નીચેનો ખંડ ઉમેરવામાં આવશે, એટલે કે:–*

*"(૧૯એ) "અનુસૂચિત વિસ્તારો" એટલે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૪ ના ખંડ (૧) માં સંદર્ભિત રાજ્યના અનુસૂચિત વિસ્તારો;"*

*[૮] કલમ ૫૧ મા, ઉપ–કલમ (૨) મા, –*

*(૧) ખંડ (એ) માટે, નીચે મુજબનું બદલવામાં આવશે, એટલે કે,*

*"(એ) રાજ્યમાં ગ્રામ પંચાયતોના સરપંચના તમામ પદો રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવશે.*

*સ્પષ્ટીકરણ – આ ખંડના હેતુઓ માટે, "ગ્રામ પંચાયત" એટલે કે જે ગ્રામ પંચાયતનો સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત વિસ્તારોનો બન્યો હોય તેવી ગ્રામ પંચાયત.";"*

૧૯. આમ, અનુસૂચિત વિસ્તારોને લાગુ પડતા સુધારા અધિનિયમના ગુણદોષથી, રાજ્ય સરકારે રાજ્યમાં ગ્રામ પંચાયતોના સરપંચના તમામ પદો અનુસૂચિત જનજાતિઓ માટે અનામત રાખવા જરૂરી હતા. જોકે, ત્યારબાદ ભારતના બંધારણની પાંચમી અનુસૂચિના પેરા ૫ ના ઉપ–પેરા (૧) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ગુજરાતના રાજ્યપાલશ્રીએ એવું

નિર્દેશિત કરવાની કૃપા કરી હતી કે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તારીખ ૨૩/૧૧/૨૦૦૧ ના જાહેરનામામાં દર્શાવેલ ચોક્કસ અપવાદો અને ફેરફારોને આધીન રહીને રાજ્યના અનુસૂચિત વિસ્તારોને લાગુ પડશે. અપવાદો અને ફેરફારો વર્તમાન હેતુ માટે સુસંગત હોય તેટલા અંશે નીચે મુજબ વંચાય છે:

> *"(૨) કલમ ૫૧ મા, ઉપ-કલમ (૨) મા, ખંડ (એ) પછી, નીચે મુજબનું પરંતુક ઉમેરવામાં આવશે, એટલે કે: –*
>
> *"પરંતુ શરત એ છે કે ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ, ૧૯૯૮ દ્વારા સુધારાયા મુજબના ઉપ-ખંડ (એ) ની જોગવાઈઓ એવી ગ્રામ પંચાયતને લાગુ પડશે નહીં જ્યાં બિન-આદિવાસીઓની વસ્તી ગ્રામ પંચાયતની કુલ વસ્તીના ૭૫ (પંચોતેર) ટકા કે તેથી વધુ હોય."*

૨૦. આમ, જોકે પેસા અધિનિયમ ગ્રામ પંચાયતોમાં સરપંચના પદો માટે અનુસૂચિત જનજાતિઓ માટે ૧૦૦% અનામતની જોગવાઈ કરે છે, પરંતુ ઉપરોક્ત ફેરફારના ગુણદોષથી, જ્યાં બિન-આદિવાસીઓની વસ્તી ગ્રામ પંચાયતની કુલ વસ્તીના ૭૫% કે તેથી વધુ હોય તેવા કિસ્સામાં, સુધારા અધિનિયમ, ૧૯૯૮ દ્વારા સુધારેલી કલમ ૫૧(૨) ના ઉપ-ખંડ (એ) ની સુધારેલી જોગવાઈઓ લાગુ કરવામાં આવી નથી. તેથી, તે ગામોના અંશ સુધી કે

જ્યાં બિન–આદિવાસીઓની વસ્તી કુલ વસ્તીના ૭૫% કે તેથી વધુ છે, સરપંચના પદોની ફાળવણી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) ની જોગવાઈઓ દ્વારા શાસિત થશે.

૨૧. ત્યાર પછી વિચારણા માટે ઉપસ્થિત થતો પ્રશ્ન એ છે કે ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) ની જોગવાઈઓ દ્વારા શાસિત વિસ્તારોમાં સરપંચના હોદ્દાઓની ફાળવણી કેવી રીતે કરવાની રહે છે. ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) નો ખંડ (એ) આ પ્રમાણે વંચાય છે:

*"૫૧. (૧) xxxx*

*(૨)(એ) રાજ્યમાં ગ્રામ પંચાયતોના સરપંચના હોદ્દાઓ રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખવામાં આવશે અને તે રીતે અનામત રાખવામાં આવેલા રાજ્યમાં ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દાઓની સંખ્યા, રાજ્યમાં અનુસૂચિત જાતિઓ અથવા રાજ્યમાં અનુસૂચિત આદિજાતિઓની વસ્તી રાજ્યની કુલ વસ્તી સાથે જે પ્રમાણ ધરાવતી હોય તેટલા શક્ય હોય તેટલા જ પ્રમાણમાં રાજ્યમાં ગ્રામ પંચાયતના સરપંચના કુલ હોદ્દાઓની સંખ્યા સાથે ધરાવશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રાજ્યમાં ગ્રામ*

*પંચાયતોના સરપંચના હોદ્દાના દસ ટકા હોદ્દાઓ રાજ્ય સરકાર દ્વારા અનામત રાખવામાં આવશે."*

૨૨. આમ, ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧ ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) અનુસાર, (૧) રાજ્યમાં ગ્રામ પંચાયતોના સરપંચના હોદ્દાઓ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખવા જરૂરી છે; (૨) તે રીતે અનામત રાખવામાં આવેલા રાજ્યમાં ગ્રામ પંચાયતોના સરપંચના હોદ્દાઓની સંખ્યા, રાજ્યમાં અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વસ્તી રાજ્યની કુલ વસ્તી સાથે જે પ્રમાણ ધરાવતી હોય તેટલા શક્ય હોય તેટલા જ પ્રમાણમાં રાજ્યમાં ગ્રામ પંચાયતોના સરપંચના કુલ હોદ્દાઓની સંખ્યા સાથે ધરાવવી જોઈએ; અને (૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રાજ્યમાં ગ્રામ પંચાયતોના સરપંચના ૧૦% હોદ્દાઓ અનામત રાખવામાં આવશે.

૨૩. ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧ ની ઉપ–કલમ (૩) જોગવાઈ કરે છે કે ઉપ–કલમ (૨) હેઠળ અનામત રાખવામાં આવેલા હોદ્દાઓની સંખ્યા રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલી રીતે રાજ્યની જુદી જુદી પંચાયતોને વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવશે. ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧ ની ઉપ–કલમ (૩) સાથે વંચાણે લેતાં કલમ ૨૭૪ ની ઉપ–કલમ (૫) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ગુજરાત સરકારે ગુજરાત વિલેજ પંચાયત્સ ઇલેક્શન ઓફ સરપંચ (મેનર ઓફ એલોટમેન્ટ ઓફ રિઝર્વ્ડ

ઓફિસીસ ઓફ સરપંચ બાય રોટેશન) રૂલ્સ, ૧૯૯૪ નામના નિયમો બનાવેલા છે.

૨૪. વર્તમાન કેસમાં, ૧૯૯૩ ના અધિનિયમની કલમ ૫૧(૨)(એ) ની ઉપ–કલમ (૨) ના ખંડ (એ) હેઠળ ફાળવણી માટે ઉપલબ્ધ સરપંચના હોદ્દાઓની સંખ્યા પાંચ છે. વિચારણા માટે ઉપસ્થિત થતો પ્રશ્ન એ છે કે આ સંબંધમાં ઘડાયેલા નિયમોને સુસંગત રહીને સરપંચના આ પાંચ હોદ્દાઓની વહેંચણી કેવી રીતે કરવાની રહે છે. તેના નિયમ ૩ માં "તાલુકાની ગ્રામ પંચાયતોને ક્રમ નંબર આપવા" અંગેની જોગવાઈ છે. નિયમ ૪ "સરપંચના હોદ્દાઓની અનામતની રીત" અંગેની જોગવાઈ કરે છે અને તે આ પ્રમાણે વંચાય છે:

***"૪. સરપંચના હોદ્દાઓની અનામતની રીત.–***

*(૧) અધિનિયમની કલમ ૫૧ ના ખંડ (એ) હેઠળ રાજ્યમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ગ્રામ પંચાયતોના સરપંચના હોદ્દાઓનું અનામત હવે પછી નિર્દિષ્ટ કરવામાં આવેલી રીતે કરવામાં આવશે.*

*(૨) તાલુકામાં ગ્રામ પંચાયતોના સરપંચના હોદ્દાઓ રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે*

